# શ્રી વી.એલ.પરદેશી, ઓથોરીટી અંડર ધી પેમેન્ટ ઓફ વેજીસ એકટ, લેબર કોર્ટ, સુરત સમક્ષ.

**પે.વે.અરજી નં.૫૯/૧૭**

અરજદાર : શ્રી સુનિલસિંહ રાજપુત તથા પરિશિષ્ટ મુજબના કામદારો,
૮/૦. ન્યુ સંકલ્પ મજદુર યુનિયન,
૪૩૯, આર્શીવાદ નગર, વડોદગામ, પાંડેસરા, સુરત.

વિરૂધ્ધ

સામાવાળા: માલિક/ભાગીદાર/વહીવટકર્તા,
સતનામ પ્રોસેસર્સ પ્રા.લી.,
(શેઠશ્રી સમીરભાઈ કિનરા તથા શ્રી કિશનસીંગ કિનરા)
ઠે. ર૩૮, ગામ.જોલવા, બારડોલી રોડ,
તા.પલસાણા, જી.સુરત.

અરજદાર તરફે :- પ્રતિનિધિશ્રી સુનિલસિંહ રાજપુત.
સામાવાળા તરફે :- ગેરહાજર.

## :: આંક-ર ની અરજી લગત હુકમ ::

(૧) આ કામના અરજદારો તર્ફે પગાર સહિતની લેણી રકમ વસુલ મેળવવા માટે વેતન ચુકવણી ધારાની કલમ-૧૫(ર) અન્વયે આંક-૧ થી અરજી કરેલ છે, તેમજ કલમ-૧૭એ મુજબ એટેચમેન્ટ મેળવવાની અરજી આંક-ર થી હાલની અરજી કરેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, પરિશિષ્ટ-એ ના કામદારો યુનિયનના સભ્યો છે. પરિશિષ્ટના કામદારોનું અલગથી પરિશિષ્ટ જોડેલ છે. કામદારોએ યુનિયનને તથા યુનિયનના હોદ્દેદારોને આ અરજી ચલાવવા સત્તાઓ આપેલ છે.

સામાવાળા સંસ્થામાં કાપડને ફીનીશીંગ કરી ડાંઈગ, પ્રિન્ટીંગ કરવાનું કામકાજ થાય છે, જેમાં ૧૫૦ કરતા વધુ માણસો કામ કરે છે. પરિશિષ્ટ મુજબના કામદારો સામાવાળા સંસ્થાના મુખ્ય ડાંઈગ ખાતામાં માલિકશ્રી સમીરભાઈ તથા શ્રી કિશનસીંગને ત્યાં પરિશિષ્ટમાં જણાવેલ સમયથી, પગારથી અને હોદ્દા ઉપર કાયમી કામદારની હેસીયતથી ઘણા જ ખંત, નિષ્ઠા, પ્રમાણિકતા તેમજ વફાદારીપુર્વક નોકરીની ફરજો સતત અને અવિરતપણે ફરતી પાળીમાં બજાવતા હતા. પરિશિષ્ટના કામદારો અને સામાવાળા વચ્ચે માલિક-કામદારનો સંબંધ છે. આ કામદારોએ સામાવાળાને ત્યાં

તેમની નોકરી, ફરજો કે કામગીરીના સમય દરમ્યાન કયારેય કોઈ ગુનો કે ગેરવર્તણુંક કરેલ નથી તેમનો સર્વિસ રેકર્ડ તદ્દન ચોખ્ખો અને ડાઘ રહિતનો છે.

સામાવાળા સંસ્થામાં ૩ સેન્ટર મશીન, ૮ જીગર, ૭ ફોલ્ડીંગ, ૪ ડ્રમ, ૨૮ જેટ ડાંઈગ, ૩ ડેકા, ધુલાઈ મશીન, લુપ, ૨ બોઈલર, મેન્ટેનન્સ, કલરખાતા વિગેરે મશીનરી તથા ખાતા આવેલ છે અને સંસ્થામાં ૧૨–૧૨ કલાકની બે પાળી સવારના ૮:૦૦ થી રાત્રીના ૮:૦૦ કલાક અને રાત્રીના ૮:૦૦ થી સવારના ૮:૦૦ કલાક મળી ૧૫૦ થી વધુ કામદાર કામે રાખેલ, જે તમામ કામદારોના કામનું વહીવટ, સંચાલન તથા કામદારોની પગાર ચુકવણી એક જ ઓફીસમાંથી થતી હતી, માલિક પોતે મેનેજર રૂબરૂ ચુકવણી કરતા હતા. કામદારો પાસેથી ૧૨–૧૨ કલાકની ફરજીયાત નોકરી લેવામાં આવતી હતી, પરંતુ તેઓને વધારાના ૪ કલાકના ઓવરટાઈમના ડબલના દરે નાણાં ચુકવવામાં આવતા ન હતા. તમામ કામદારોનું વહીવટ, સંચાલન, દેખરેખ, કામની સોંપણી વિગેરે સામાવાળા સંસ્થાના મુખ્ય શેઠશ્રી સમીરભાઈ કિનરા તથા શ્રી કિશનસીંગ કિનરા કરતા હતા તેથી સામાવાળા વેતન ચુકવવા માટે જવાબદાર વ્યકિત છે

સામાવાળાને બી.આઈ.આર.એકટ, ફેકટરી એકટ, લઘુત્તમ વેતન અધિનિયમ–૧૯૪૮, ગુજરાત લઘુત્તમ વેતન નિયમો–૧૯૬૧, પેમેન્ટ ઓફ વેજીસ એકટ, પ્રોવિડંડ ફંડ એકટ, બોનસ ચુકવણી અધિનિયમ–૧૯૬૫ તથા અન્ય મજુર કાયદાઓ લાગુ પડતા હોવા છતા તેનો અમલ કરતા ન હતા. સામાવાળા કોઈપણ કામદારોને ફરજીયાત આપવા પડતા દસ્તાવેજો જેવા કે નિમણુંકપત્ર, હાજરીકાર્ડ, પગારસ્લીપ, ઓળખપત્ર વિગેરે આપતા ન હતા કે ભરગપારની રજાઓ જેવી કે હકરજા, તહેવારની રજા, માંદગીની રજાઓ, બોનસ માંગવા છતા આપતા ન હતા કે તેવી તમામ રજાઓનું નાણાંમાં રૂપાંતર પણ વર્ષના અંતે કરી આપવામાં આવતુ ન હતુ કે પોલીસ સ્ટેશનમાં કામદારોની પુરી વિગતો તથા ફોટા સહિતની સી.ડી. પણ જમા કરાવેલ ન હતી તેમજ પગારની ચુકવણી મજુર કાયદાથી બચવા તથા લેબર કન્સલટન્ટની સલાહ મુજબ ઓછા માણસો બતાવી તેમની મરજી પ્રમાણે તેમાં એડજસ્ટ કરી શકે તેથી સામાવાળા સંસ્થાના નામ, સિકકા તથા કોઈપણ લખાણ વગરના અલગ અલગ રજીસ્ટરમાં પેન્સીલથી લખી સહી કરાવી ચુકવતા હતા. કામદારોએ વર્ષોથી નોકરી ફરજો બજાવેલ હોવા છતાં પી.એફ. ઈ.એસ.આઈ. જેવા મજુર વિભાગો માં તુટક નોકરી બતાવતા હતા અને શ્રમયોગીઓને મજુર સાહિત્યો આપતા ન હતા. સંસ્થામાં લગાવેલ સી.સી.ટી.વી. ફુટેજ ૬ માસ અગાઉની રજુ કરવામાં આવે તો પરિશિષ્ટના કામદારો તથા

સંસ્થામાં કામ કરતા કામદારોની સંખ્યા, તેમની કામગીરી, કામના કલાકો વિગેરે ખરી હકીકતો સ્પષ્ટ થાય તેમ છે. દરમાસે પગારમાંથી પ્રો.ફંડના નાણાની તથા ઈ.એસ.આઈના ફાળાની નિયમિત કપાત કરવા છતા તેની કોઈ રસીદ કે દસ્તાવેજો આપેલ નથી અને ફરજીયાત રાખવા પડતા રજીસ્ટરો પણ નિભાવવામાં આવેલ નથી અને તેમ કરી કામદારોની કાયદાની બીન જાણકારી તથા મજબુરીનો ભંયકર લાભ ઉઠાવી તેઓની ગરજાઉ પરિસ્થિતિનો ગેરલાભ લઈ કામદારોનું શોષણ કરી છડેચોક મજુર કાયદાઓનો ભંગ કરી અનફેર લેબર પ્રેકટીશનું આચરણ કરવામાં આવેલ. દસ્તાવેજાની માંગણી કરતા સામાવાળા નોકરીમાંથી છુટા કરવાની મૌખિક ધમકીઓ આપતા હતા, નાછુટકે નોકરીના બીકે નોકરી ફરજો બજાવવી પડતી હતી.

પરિશિષ્ટ મુજબના કામદારો સંસ્થામાં વર્ષોથી જોડાયા હોવાથી અને કાયમી અવિરતપણે ફરજો બજાવેલ હોવાથી વારંવાર નોકરી અંગેના પુરાવા દસ્તાવેજો, મજુર સાહિત્યો તથા લાભો આપવા અંગે શેઠને તથા સંસ્થાના અધિકારીઓને મૌખિક વિનંતીઓ કરતા આવેલ હોવાથી સંસ્થાના માલિક અરજદારો પ્રત્યે કિન્નાખોરી રાખતા હતા અને છેલ્લે થોડાક સમયથી સંસ્થાની આર્થિક સ્થિતી સારી ચાલતી ન હોઈ વહીવટકર્તાઓ ધ્વારા આસી. માસ્તરો તથા પરિશિષ્ટના કર્મચારીઓને મૌખિક રજુઆત કરી તેઓને ખર્ચી અથવા અડધા પગારની ચુકવણી કરી બાકી પગાર સંસ્થામાં જમા રાખવામાં આવતો હતો અને તેજી આવતા બાકી પગાર પુરેપુરો ચુકવી આપશે તેવી માલિકો ધ્વારા મૌખિક બાંહેધરી તથા પાકો વિશ્વાસ આપેલ હતો અને નોટબંધી બાદ તમામ કામદારોના બેંકમાં ખાતા ખોલવી બેંક મારફતે એકાઉન્ટમાં નાણાં જમા કરાવવા તથા ચુકવવા માટે કેન્દ્ર તથા રાજય સરકાર ધ્વારા આદેશો થતાં તેનું પાલન ન કરવુ પડે તે માટે અને કામદારોના નોકરીના હક લાભો ચુકવ્યા સિવાય નોકરીમાંથી છુટા કરવાના બહાના શોધતા હતા તેમજ કામદારોએ તેઓને કયારેય આપેલ ન હતા તેવા કોઈ લાભો આપવા ન પડે તે માટે તેઓ કામદારોના હક લાભોના નાણાં ડુબાવી તે ચુકવ્યા વગર સંસ્થા બંધ કરી બીજાને વેચી અથવા હસ્તાતર કરવા માંગતા હોઈ પરિશિષ્ટ મુજબના અરજદાર કામદારને કોઈપણ બહાને છુટા કરવા માંગતા હોવાથી અને કાયદેસરની કોઈ રકમ ન ચુકવવી પડે તે માટે ખોટી રીતે હેરાન કરવાનું શરૂ કરેલ અને તે માટે કામદારોના માસ ૭/૯/૨૦૧૬ થી છુટા કર્યા તા.૯/૧૨/૨૦૧૬ સુધીનો પગાર ચુકવેલ નહતો અને પગાર ચુકવવામાં વિલંબ કરી સંસ્થા પાસે જમા રાખેલ અને એકસાથે ચુકવી દઈશુ તેમ જણાવી ગેરકાયદેસર રીતે કપાત કરી જમા રાખેલ હતો અને ગરીબ શ્રમયોગીઓને કામ કરેલ

માસના ગેરકાયદેસર રીતે કપાત કરી જમા રાખી અટકાવી રાખેલ પગાર તથા કાયદેસરના હક હિસ્સાની તથા વર્ષોની નોકરી છતા નોકરીના કોઈ પુરાવા આપેલ ન હોઈ મંજુર સાહિત્યોની માંગણી કરતા કોઈપણ જાતના વાંક ગુના વગર તેઓ પ્રત્યે કિન્નાખોરી રાખી નાછુટકે પરિશિષ્ટ મુજબના શ્રમયોગીઓ તા.૯/૧૨/૧૬ નારોજ દિવસ પાળીમાં સુમીરભાઈ કિનરાને નોટબંધી બાદ દરેક કામદારોને નોકરીના પુરાવાઓ આપવા તેમજ બેંક ખાતાઓ ખોલાવી ચાલુ પગાર ચુકવવા વિનંતી કરતા માલિક કામદારો પર ઉશ્કેરાઈ જઈ ગંદિ ગાળો ભાંડી બહુ કાયદાના જાણકાર થઈ ગયા છો જે બીજી મીલ આ બધુ આપતી હોય ત્યાં જતા રહો તમને બધાને છુટા કરૂ છુ, મારે કંપની જ ચલાવવી નથી અને બંધ કરી નાંખવાની છે તેમજ બીજાને વેચી દેવાની છે, તમોને બાકી પડતા કપાત કરેલ પગારના કે અન્ય કોઈપણ હક લાભોના નાણાં મળશે નહિં તમારાથી થાય તેમ કરી લો, મારી બહુ મોટી વગ છે તમોએ જયાં ફરીયાદ કરવી હોય ત્યાં કરજો કોઈ મારૂ કશુ બગાળવાનું નથી કે કોઈ તમારી ફરીયાદ સાંભળશે નહિં, સંસ્થા બીજાને ભાડે આપી દઈશ, વેચી નાંખીશ, નવા કામદાર રાખી લઈશ તેમ જણાવી ચાલુ નોકરી ફરજો પરથી અટકાવી કામ બંધ કરી તેમની સાથેના તમામ પરિશિષ્ટ મુજબના કામદારોને બપોરે ૧૨ કલાકે સંસ્થા બહાર છુટા કરી કાઢી મુકેલ છે. કામદારો તેઓની વગ જાણતા હોઈ જાનનું જોખમ હોઈ કોઈ લેખિત ફરીયાદ કરેલ નહતી અને નાછુટકે વિનંતીઓ કરવા છતા કામદારોના કાયદેસરના પગારના કપાત કરી જમા રાખેલ નાણાં ચુકવી આપેલ ન હોઈ નાછુટકે યુનિયન ધ્વારા ન્યાય મેળવવા આ અરજી કરેલ છે. આમ, પરિશિષ્ટમાં જણાવેલ તારીખના રોજથી વગર વાંકે, કોઈપણ જાતની અગાઉથી જાણ કર્યા વગર બચાવની તક આપ્યા વિના કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો ભંગ કરી નોટીસ કે નોટીસ પગાર, છટણી વળતર, બોનસ, હકરજા તથા બાકી પગાર ચુકવ્યા વિના મૌખિક આદેશથી તથા સ્ટેન્ડીંગ ઓડર્સની જોગવાઈઓનો ભંગ કરી તાત્કાલિક નોકરીઓમાંથી અટકાવી કાઢી મુકી કામદારોની નોકરી શરતોમાં ગેરકાયદેસર ફેરફાર કરી ગુનાહિત કૃત્ય કરેલ છે, નોકરી દરમ્યાનના કોઈ લીગલ ડયુઝ ચુકવેલ નથી અને તેમ કરી કામદારોને રસ્તે રઝડતા કરી બેકારીના ખપ્પરમાં હોમી દીધેલ છે.

આ કામના સામાવાળાને કપાત કરેલ પગારોની રકમ અંગે અવારનવાર મૌખિક માંગણી કરેલ પરંતુ સામાવાળાએ કામદારોને સદરહુ લાભો અને હકો આપવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરી દીધેલ અને હાલમાં સંસ્થા બીજાને ટ્રાન્સફર કરી તેઓની માલ-મિલકતો વેચી દેવાની પેરવી કરી રહયા છે તેથી પણ સંસ્થાની હાલમાં અસ્તિત્વમાં હોય તેવી તમામ માલ, મિલકત, મશીનરી રેકર્ડ

રહે અને ન્યાય–નિર્ણય કરતી વખતે સુગમતા રહે તે જરૂરી છે, સામાવાળા બોલેલુ પાળે તેવા છે અને સામાવાળાની માલ, મીલકત જોવા માટે તથા જમીન અને બિલ્ડીંગ સ્ટ્રકચર ખરીદવા માટે દલાલો તથા લેનારાઓ રોજ આવે છે . પરિશિષ્ટ મુજબના કામદારોના વેતનમાંથી કપાત કરી લેણી રકમ તથા હકોના નાણાં ગેરકાયદેસર રીતે રોકી રાખી તે ડુબાડવાના બદઆશયથી સામાવાળા માલ, મિલકત વેચી દેવાના છે. તેથી સદરહુ પરિશિષ્ટ મુજબના કામદારો યુનિયનમાં જોડાઈને યુનિયન મારફતે સદરહુ હકો અને લાભોની સામાવાળા પાસે માંગણીઓ કરતા સામાવાળાએ કામદારોને યુનિયનમાંથી રાજીનામું આપવા તેમજ યુનિયન છોડી દેવા તેમજ ઉપરોકત તમામ માંગણીઓ ભુલી જવા ધમકીઓ આપેલ. સામાવાળાએ કામદારોને બાકી પગાર જેવા અન્ય કોઈ લીગલ ડયુઝ ચુકવી આપેલ નથી અને સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. અરજદારોને એવી દહેશત છે કે સામાવાળા સદરહુ પરિશિષ્ટ મુજબના કામદારોની લેણી નીકળતી રકમ ચુકવી આપ્યા વગર તેઓની સંસ્થા કાયમી બંધ કરી વેચાણ કરી દેશે કે અન્યને ટ્રાન્સફર કરશે તો ભવિષ્યમાં કામદારો ની લેણી રકમની વસુલાત માટે ઘણી જ મુશ્કેલીઓ ઉભી થાય તેવી પુરેપુરી શકયતાઓ રહેલી છે તેથી સામાવાળા સંસ્થાની અરજદારોના લેણા પગાર તથા અન્ય હકલાભોના કિંમતી ધરાવતી સંસ્થાની પેરા–૮ માં જણાવેલ માલ, મશીનરી, મિલકત એટેચ કરી જપ્ત કરવા તેમજ આ કામનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી અને સામાવાળા અરજદાર કામદારોની લેણી રકમ ચુકવી ન આપે ત્યાં સુધી અરજીના પેરા નં.૮ માં જણાવેલ સામાવાળા સંસ્થાની તમામ માલ, મિલકત, મશીનરી એટેચ કરી જપ્ત કરવા અને કામદારોની લેણી રકમ ગેરકાયદેસર રીતે સામાવાળાએ રોકી રાખેલ હોય ₹૪૧,૪૬,૩૦૦/– ની બેંક ગેરેંટી નામદાર કોર્ટમાં રજુ કરાવવા દાદ માંગેલ છે. અરજી નાં સમર્થનમાં હરીનાથ સિંહે એફીડેવીટ રજુ કરેલ છે તેમજ  કામદારોની બાકી લેણી રકમની વિગત દર્શાવતુ પરિશિષ્ટ રજુ કરેલ છે.

(૨) અરજદાર તરફે આંક–૪ થી પ્રતિનિધિશ્રી સુનિલસિંહ રાજપુતનું અધિકારપત્ર રજુ થયેલ છે. આ કામના સામાવાળાને અરજીની નોટીસની બજવણી થવા છતાં સામાવાળા તરફે હાજર થઈ જવાબ રજુ કરેલ ન હોય અરજદારની આંક–૧૦ ની અરજી ઉપર હુકમ કરી સામાવાળાનો જવાબ રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે. આ કામના અરજદાર તરફે યુનિયન પ્રતિનિધિશ્રી દિનેશભાઈ પાટીલની દલીલ સાંભળી. સામાવાળા તરફે કોઈ દલીલ કરવામાં આવેલ નથી.

(૩) આ અરજીના ન્યાય–નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

૧. શું અરજદાર શ્રમયોગીઓ મનાઈ અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર થાય છે ?

૨. શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

૧. અંશત: હકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

ઉપરોકત મુદ્દાના નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**:: કારણો ::**

**મુદ્દા નં.૧ અને ૨ :–**

આ કામનું રેકર્ડ વંચાણે લેતાં અરજદારની અરજી મુજબ પે.વે.એકટની કલમ–૧૫(ર) મુજબ પગાર સહિતની લેણી રકમ વસુલ મેળવવા સામાવાળા વિરૂઘ્ધ મુળ અરજી કરેલ છે તેમજ મુળ અરજીનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી સામાવાળાની માલ–મિલકત–મશીનરી એટેચ કરવા કલમ–૧૭એ અન્વયે હાલની અરજી કરેલ છે. અરજીમાં જણાવેલ પરિશિષ્ટ મુજબના અરજદાર કામદારો પરિશિષ્ટમાં જણાવ્યા મુજબનાં હોદ્દા, વર્ષ અને પગારથી સામાવાળા સંસ્થામાં ફરજો બજાવતા હતા. સામાવાળાને તમામ મજુર કાયદાઓ લાગુ પડે છે જેનું પાલન કરવાની તેઓની જવાબદારી છે તેમ છતાં પરિશિષ્ટ મુજબના કામદારોને મળવાપાત્ર હકો અને લાભો જેવા કે નિમણુંકપત્ર, હાજરીકાર્ડ, પગારસ્લીપ, ઓળખપત્ર, હકરજા, બોનસ, ઓવરટાઈમ કામનો પગાર, પી.એફ. તેમજ અન્ય હકોના લાભો સામાવાળા આપતા ન હતા, જેની અવાર નવાર માંગણી કરતા સામાવાળાએ આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધેલ અને નોકરીમાંથી કાઢી મુકવાની ધમકી આપેલ, સામાવાળાના વહીવટકર્તાઓ દ્વારા આસી.માસ્તરો તથા પરિશિષ્ટના કર્મચારીઓ ને મૌખિક રજુઆત કરી ખર્ચી અથવા અડધા પગારની રકમ ચુકવણી કરી બાકી પગાર સંસ્થા પાસે જમા રાખતા હતા અને તેજી આવતા બાકી પગાર પુરેપુરો ચુકવી આપશે તેવી બાંહેધરી અને પાકો વિશ્વાસ આપેલ હતો, પરંતુ તેવી કોઈ કપાત કરેલ બાકી પગારની લેણી રકમ સામાવાળાએ કામદારોને ચુકવી આપેલ નથી, તેથી કામદારોએ યુનિયનમાં જોડાઈને હકો અને લાભોની માંગણી કરેલ, જેથી સામાવાળાએ કામદારોને યુનિયન છોડી દેવા અને માંગણીઓ ભુલી જવા ધમકીઓ

આપેલ, જેની ના પાડતા સામાવાળાએ કિન્નાખોરી રાખીને કામદારોના કોઈપણ જાતના વાંક–ગુના વગર કે કોઈપણ જાતની શોકોઝ નોટીસ કે ચેતવણીની નોટીસ આપ્યા વિના કે તેઓ વિરૂધ્ધ કોઈપણ ખાતાકીય તપાસની કાર્યવાહી કર્યા વગર તા.૯/૧૨/૧૬ નારોજ મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરી દીધેલ અને છુટા કરતા સમયે કામદારોને નોટીસ કે નોટીસ પગાર, છટણી વળતર, બોનસ, હકરજા તથા બાકી પગાર તેમજ અન્ય લીગલ ડયુઝ સામાવાળાએ ચુકવી આપેલ નથી. સામાવાળા કામદારોની પરિશિષ્ટ મુજબની લેણી રકમ ચુકવી આપ્યા સિવાય તેઓની સંસ્થાની માલ, મિલકત, મશીનરી બીજાને ટ્રાન્સફર કરી વેચી દેવાની પેરવી કરી રહયા છે. સામાવાળાની માલ, મિલકત જોવા માટે, જમીન તથા બિલ્ડીંગ સ્ટ્રકચર ખરીદવા માટે બહારથી દલાલો રોજ આવે છે, જો સામાવાળા અરજદારોની લેણી રકમ ચુકવી આપ્યા વિના સંસ્થા કાયમી બંધ કરી વેચાણ આપી દેશે કે અન્યને ટ્રાન્સફર કરશે તો પરિશિષ્ટ મુજબનાં કામદારોને ભવિષ્યમાં લેણી રકમની વસુલાત માટે મુશ્કેલી ઉભી થાય તેવી દહેશત છે, તેથી પેરા–૮ માં જણાવેલ માલ–મિલકત–મશીનરી આ કામનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી તથા સામાવાળા અરજદારને લેણી રકમ ચુકવી ન આપે ત્યાં સુધી સામાવાળાની માલ, મિલકત, મશીનરી એટેચ કરી જપ્ત કરવા તથા સામાવાળાએ કામદારોની લેણી રકમ ગેરકાયદેસર રીતે રોકી રાખેલ હોય સદરહુ રકમ ₹૪૧,૪૬,૩૦૦/– ની બેંક ગેરેંટી નામદાર કોર્ટમાં રજુ કરાવવા દાદ માંગેલ છે. આ કામના સામાવાળાને નોટીસની બજવણી થયેલ છે, પરંતુ અરજીનો જવાબ રજુ કરી કોઈ બચાવ લીધેલ નથી, તેથી અરજદારોએ માંગેલ દાદ વિરૂધ્ધ સામાવાળાને કોઈ વાંધો નથી તેવું પ્રાથમિક ર્દષ્ટીએ ફલિત થાય છે. અરજીની વિગતો મુજબ આ કામના અરજદાર કામદારોનો પગાર સામાવાળાએ કપાત કરેલ છે અને ચુકવી આપેલ નથી. આ કામના સામાવાળા તરફે કપાત કરેલ પગારની રકમ ચુકવી આપ્યા વિના સંસ્થાની માલ–મિલકત–મશીનરી તેઓ તબદ્દીલ કરશે નહિં કે વેચી દેશે નહિ તેવી પણ કોઈ બાંહેધરી આપવામાં આવેલ નથી. જો સામાવાળા તેઓની સંસ્થા કાયમ માટે બંધ કરી વેચાણ કરે કે અન્યને ટ્રાન્સફર કરે તો અને જો અરજદાર કામદારો લેણી રકમ વસુલ મેળવવા હકદાર થતા હોય તો તે રકમ વસુલ મેળવવામાં મુશ્કેલી ઉભી થાય અને અરજદારની કાયદેસરની લેણી રકમ ડુબી જાય અને અરજદારની આંક–૧ ની અરજીનો કોઈ અર્થ રહે નહિં. આ કામના અરજદાર તરફે પ્રતિનિધિશ્રીએ સામાવાળા પાસેથી બેંક ગેરેંટી રજુ કરાવવામાં આવે તો કામદારોની લેણી રકમની સલામતી જળવાઈ રહે તેવી દલીલ કરેલ છે, પરંતુ આ કામના

અરજદાર કામદારોના બાકી પગારની રકમ સામાવાળાએ ચુકવી આપેલ નથી તે હકીકતે કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં અરજદારોની લેણી નીકળતી રકમની સલામતીના હેતુસર અરજદારની અરજીના પેરા–૮ માં જણાવેલ માલ–મિલકત–મશીનરી પૈકી અનુક્રમ નં.૧ વાળી મશીનરીની યથાવત સ્થિતિ જાળવી રાખવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ સિધ્ધ થાય તેમ છે. તેથી મુદ્દા નં.૧ નો નિર્ણય અંશતઃ હકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

**:: હુકમ ::**

૧. અરજદારની હાલની આંક–૨ ની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના સામાવાળાને હુકમ કરવામાં આવે છે કે તેઓએ અરજદારની આંક–૨ ની અરજીના પેરા–૮ માં જણાવેલ માલ–મિલકત, મશીનરી પૈકી અ.નં.૧ સ્ટેનર મશીન નંગ–૨ કોઈપણ રીતે અન્યત્ર તબદ્દીલ કરવા નહિં અને કેસનો આખરી નિર્ણય ન આવે ત્યાં સુધી તે મશીનરીની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવી.

૩. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

૪. આ કેસની આગામી મુદ્દત તા. ૨૬ /૧૨/૨૦૧૭ નારોજની રાખવામાં આવે છે, જેની બંને પક્ષકારોએ નોંધ લેવી.

**સ્થળ : સુરત.**
**તા. ૨૭/૧૧/૨૦૧૭**

**વંદના લલીતચંદ્ર પરદેશી**
Unique Identification
Code No.GJ01013,
ઓથોરીટી અંડર ધી પેમેન્ટ ઓફ વેજીસ એકટ,
લેબરકોર્ટ, સુરત.